ફેઈથ ફાઉન્ડેશન દ્વારા 'વર્લ્ડ નો ટોબેકો ડે' નિમિતે જનજાગૃતિ કાર્યક્રમ

ફેઈથ ફાઉન્ડેશન દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ૩૧ મે વર્લ્ડ નો ટોબેકો ડે ની ઉજવણી કરવામાં આવે છે આ વર્ષની થીમ 'WE NEED FOOD NOT TOBACCO'ને ધ્યાનમાં રાખીને સંસ્થા દ્વારા ૧૩મેથી ૧૭મે ૨૦૨૩ દરમિયાન મહેસાણા થી વડોદરા સુધીનો સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. તારીખ ૧૩ મે ના રોજ મહેસાણા જિલ્લાના કડી ગામથી નીકળીને ૧૪ મે ના રોજ ગાંધીનગરના કલોલ ગામ અને રૂપાલ ગામમાં ટોબેકો ફ્રી વર્ક પ્લેસ અને સ્મોક ફ્રી વિલેજ માટે જન જાગૃતિના કાર્યક્રમો કરવામાં આવ્યા હતા સાથે - સાથે નાટક દ્વારા COTPA એક્ટની સમજ આપવામાં આવી હતી

આજ રોજ ગાંધીનગરના સરકારી આયુર્વેદિક હોસ્પિટલમાં જન જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો જેમાં ડૉ. કથીરા ડેપ્યુટી ડાયરેક્ટ આરોગ્ય વિભાગ ગવર્મેન્ટ ઓફ ગુજરાત, ડૉ. અનિલ ચૌહાણ IMA ગાંધીનગર તથા ગુજરાત એસેમ્બલી નાં ડૉક્ટર, નહેરુ યુવા કેન્દ્ર સંસ્થાના શ્રીમતિ મનીષા શાહ - સ્ટેટ ડાયરેક્ટર, શ્રીમતિ ચેતના જાની ડાયરેક્ટર - આયુષ , ડૉ. મુકેશ પટેલ STCP ટોબેકો પ્રોગ્રામ ઇન્ચાર્જ, ડૉ. દિનેશ બારોટ TB ઓફિસર આણંદ, ડૉ. સંગીતા જોશી વૈદ પંચકર્મ અને એમનો સ્ટાફ, ફેઈથ ફાઉન્ડેશનના ૬૦ જેટલાં વોલેન્ટર્સને ચીફ ગેસ્ટ દ્વારા સ્વાસ્થ્ય અને વ્યસન મુક્તિ સંબંધિત ચર્ચા કરવામાં આવી. તેમણે વ્યસન છોડવા અને દૂર રહેવા માટે મનોબળ મક્કમ કરી યોગા જેવા ઉપચારો બતાવ્યા.

આ કાર્યક્રમમા COTPA એક્ટ ૨૦૦૩, પર સ્કીટ અને પોસ્ટર પ્રદર્શન કરી જનજાગૃતિ ફેલાવવામાં આવી અને અંતે આવેલા મહાનુભાવના હસ્તે સાઈકલોથોન નું ફ્લેગ ઓફ કરવામાં આવ્યું સાયકલ લિસ્ટ ગાંધીનગર થી અમદાવાદ જવા તરફ નીકળ્યા.

મોબાઇલ બાજુ પર મુકવા મજબૂર કરી મિત્રો સાથે મોજ કરાવતી બોર્ડ ગેમ્સ

ગાંધીનગરના કુડાસણ ખાતે "શુડોન" ગેમિંગ સ્ટુડીયો અવનવી ૫૦૮ ગેમ્સના ખજાના સાથે રાજ્યભરનો એકમાત્ર બોર્ડ ગેમ્સ સ્ટુડીયો હોવાનો દાવો : બૌદ્ધિક ક્ષમતા વધારવા સાથે મિત્રો સાથે ઓફલાઇન સોશિયલી કનેક્ટ થવાની તક પુરી પાડે છે

ગાંધીનગર, તા. ૧૩

આજકાલ યુવાઓમાં સોશિયલ મિડિયા એડિક્શન અને વધતાં જતાં મોબાઈલના ઉપયોગને કારણે અનેક પ્રકારની અનેક પ્રકારની શારિરીક ઉપરાંત માનસિક અને પારિવારિક સમસ્યાઓ પણ સર્જાઈ રહી છે.

વેકેશનનો સમય ચાલી રહ્યો છે, એક જમાનો હતો જ્યારે વેકેશનમાં પરિવારના બાળકો મામા-માસીના કે ફોઈ-ફુવાના ઘરે વેકેશન કરવા જતાં અને અનેક પ્રકારની ધિંગામસ્તી કરવા સાથે સાપસિડી, ચોપાટ, ચેસ, કેરમ, અમદાવાદ, વાઘબકરી, ૧૬ કુકડી

આ સાથે વિદ્યાર્થીઓ અને નોકરિયાતોમાં પરફોર્મન્સના પ્રેશરને કારણે તણાવ વધતો જઈ રહ્યો છે અને તેના કારણે સ્મોકિંગથી માંડીને દારૂ-ડ્રગ્સ સુધીના વ્યસનોથી માંડીને વધતી નિરાશા-એકલવાયાપણાંને કારણે આત્મહત્યાઓની સમસ્યા સર્જાઈ રહી છે. આ સંજોગોમાં યુવાઓને મોબાઈલ સ્ક્રિનથી દૂર કરીને માનસિક તણાવને હળવો કરીને મિત્રો સાથે કનેક્ટ કરતી બોર્ડ ગેમ્સનું ચલણ જોવા મળી રહ્યું છે. ગાંધીનગરના કુડાસણમાં ચાલી રહેલો "શુડોન" ગેમિંગ સ્ટુડીયો બોર્ડ ગેમ્સના ખજાના સાથે યુવાઓની પસંદગી બની રહ્યો છે.

કે વેપાર જેવી રમતો રમતાં જેમાં બાળકો સાથે મોટાઓ પણ જોડાતાં અને ઘણીવાર તો રાતના કેટલાં વાગી ગયાં તેનું પણ ભાન ના રહેતું. કેટલીકવાર તો વેપાર જેવી રમતો બે-ત્રણ દિવસ સુધી લાંબી પણ ચાલતી કે સુવા તેમજ અન્ય દૈનિક ક્રિયાઓ માટે બ્રેક લેવાય ત્યારે તેને જેમની તેમ ગોઠવી રાખવામાં આવતી હતી. આ રમતોના કારણે બાળકો પરિવાર સાથે જોડાઈ રહેતા હતા અને હાર-જીતનો સામનો કરવાનું શીખવાં ઉપરાંત બાળકો તેમની બૌદ્ધિક ક્ષમતા વધારવા સાથે માનસિક રીતે મજબૂત પણ બનતાં જતાં હતાં અને તમને પારિવારિક મૂલ્યોનું મહત્વ પણ રમત રમતમાં સુપેરે સમજાઈ જતું હતું. જોકે પહેલાં ટીવી અને પછી કોમ્પ્યુટર-મોબાઈલના આગમને સમગ્ર સ્થિતિ બદલી નાંખી અને તે સાથે સમર કેમ્પ અને વેકેશન ટુરના વધતાં ચલણથી બાળકો તો ઠીક પરંતુ મોટેરાંઓ પણ સગાસંબંધીઓ અને પરિવાર સાથે વેકેશનનો આનંદ માણવાથી દૂર થઈ ગયાં છે. માત્ર વેકેશન જ નહીં પરંતુ રોજબરોજની જિંદગીમાં સ્માર્ટ ફોનના સ્ક્રિન સાથે જોડાયેલાં રહેવાં લાગ્યાં છે જેના કારણે અનેક પ્રકારની શારિરીક ઉપરાંત માનસિક અને પારિવારિક સમસ્યાઓ પણ સર્જાઈ રહી છે. આ સ્થિતિમાં હવે "સ્ક્રિન-ટાઈમ" ઘટાડવાના પ્રયાસો કરવા પડી રહ્યાં છે ત્યારે ગાંધીનગરમાં એક એવા અનોખો ગેમિંગ સ્ટુડીયો ચાલી રહ્યો છે જે તેના મુલાકાતીઓને અઢળક બોર્ડ ગેમમાં મોજ કરાવવા સાથે ખાસ કરીને કિશોરો અને યુવાઓને મોબાઈલ બાજુ પર મુકવા પ્રેરી રહ્યો છે. કુડાસણમાં પંડિત દિનદયાલ ચાર રસ્તા (રિલાયન્સ ચોકડી) નજીક પ્રમુખ મસ્તાના કોમ્પલેક્ષ સ્થિત "શુડોન" ગેમિંગ સ્ટુડીયો પાંચ-પચ્ચિસ નહીં પરંતુ પુરી પાંચસો આઠ બોર્ડ ગેમ્સ સાથેનો ગુજરાતભરમાં એકમાત્ર સ્પેશિયલ ગેમિંગ સ્ટુડિયો હોવાનો તેના સંચાલક ગૌરવ રાવલનો દાવો છે.

મિત્રો સાથે "ઓફલાઇન" કનેક્ટ કરતી ગેમ્સનો ખજાનો

"શુડોન" ગેમિંગ સ્ટુડિયો ખાતે એકમેકથી ચડિયાતી ૫૦૮ બોર્ડ ગેમ્સનો ખજાનો છે જેમાં અનેક પ્રકારની બોર્ડ ગેમ્સ જેવી કે સ્ટ્રેટેજી ગેમ્સ, સ્પેશિયલ ડિટક્શન ગેમ્સ, અવરોધ એટલે કે એબસ્ટ્રેક્ટ ગેમ્સ, યુરો ગેમ્સ, હિસ્ટોરિકલ ગેમ્સ, હોરર ગેમ્સ, ડિટેક્ટિવ ગેમ્સ વગેરેનો સમાવેશ થાય છે. કોઈ ગેમ્સમાં ખજાનો શોધવાનો છે તો કોઈ ગેમમાં મર્ડર મિસ્ટ્રી ઉકેલવાની છે, કોઈ ગેમ્સમાં ઓર્ગેનિક ખેતી કરવાની છે તો કોઈ ગેમમાં યુદ્ધ લડવાનું છે, કોઈ ગેમમાં રાજપાઠ છે તો કોઈ ગેમમાં ભયાનક ભૂતાવળનો સામનો કરવાનો છે, કોઈ ગેમમાં નાણાંકીય આયોજ કરવાનું છે તો કોઈ ગેમમાં પ્રકૃતિનું જતન કરવાનું કે ક્લાઈમેટ ચેન્જના પડકારોને પંહોચી વળવાનું છે. કોઈ ગેમમાં ઐતિહાસિક સ્થળોની ઓળખ કેળવવાની છે તો કોઈ ગેમમાં અવકાશની સફર ખેડીને ચંદ્ર-મંગળ જેવા ગ્રહો સુધી પંહોચવાનું હોય છે. ટૂંકમાં એકમેકથી ચડિયાતી આ રમતો ટીનએજર્સ-યંગસ્ટર્સને મોબાઈલ સ્ક્રિનથી દૂર રાખીને ઓનલાઈન સોશિયલ મિડીયાને બદલે પોતાના મિત્રો સાથે ઓફલાઈન સોશિયલી કનેક્ટ કરે છે.

યુવા નોકરિયાતો અને વિદ્યાર્થીઓ સૌથી વધુ આવે છે

"શુડોન"ના સંચાલક ગૌરવ રાવલ જણાવે છે કે "શુડોનમાં ૧૫ વર્ષથી ઉપરના કોઈપણ વ્યક્તિઓ બોર્ડ ગેમ્સ રમી શકે છે, આ રમતો રમવાથી તેઓ મોબાઈલ સહિતના ડિજિટલ ઉપકરણોથી દૂર રહેવા સાથે પોતાના મિત્રો સાથે સુખદ સમય વિતાવી શકે છે, નવા મિત્રો બનાવે છે તે ઉપરાંત પોતાની બૌદ્ધિક ક્ષમતામાં વધારો કરવા સાથે તણાવયુક્ત જીવનમાંથી રાહત મેળવી શકે છે. તેમના ગેમિંગ સ્ટુડીયોમાં મોટેભાગે નજીકની ધીરુભાઈ ઈન્સ્ટિટ્યૂટ, આઈઆઈટી, પીડીઈયુ, જીએનએલયુ, નિફ્ટ, એનઆઈડી કે કર્ણાવતી યુનિવર્સિટીના યુવા વિદ્યાર્થીઓ સહિત પ્રાધ્યાપકો પણ આવે છે. આ ઉપરાંત ટીસીએસ સહિતની ઈન્ફોસિટી અને ગિફ્ટસિટીની કોર્પોરેટ કંપનીઓના કર્મચારીઓ પણ રિલેક્સ થવા માટે બોર્ડ ગેમ્સ રમવા આવે છે. કયારેક તો ગ્રૂપમાં બર્થ ડે કે અન્ય પાર્ટી જેવા આયોજનો પણ અહીં કરે છે. અમારો સ્ટુડીયો સામાન્ય દિવસોમાં સાંજે પાંચ વાગ્યાથી રાત્રિના બે વાગ્યા સુધી અને વિકએન્ડના દિવસોમાં બપોરે બે વાગ્યાથી રાત્રિના બે વાગ્યા સુધી ચાલે છે જે નોકરિયાતો માટે નોકરીના કાર્ય પછી રિલેક્સ થવા માટે યોગ્ય સમય રહે છે. ગાંધીનગરમાં અનેક રાજ્યોમાંથી અભ્યાસ કે નોકરી માટે આવેલા યુવાઓ "સિન્ગલ" વસવાટ કરે છે જેમને આ બોર્ડ ગેમ્સ આશિર્વાદરૂપ બને છે તે સાથે યુવા તરૂણ વયના બાળકો પનબ મોબાઈલ કે અન્ય વ્યસનો જેવી આદતોથી દૂર રહે તે માટે બોર્ડ ગેમ્સ મદદરૂપ થાય છે.

મધર્સ ડે નિમિતે સ્વ.ઈન્દુમતી નિમાવતના સ્મરણાર્થે નિશુલ્ક મેડીકલ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૧૫

મધર્સ ડેના દિવસે ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિર, સેક્ટર ૬ બી ખાતે ગાંધીનગરના સર્વ પ્રથમ રાષ્ટ્રપતિ એવોર્ડથી સન્માનિત શિક્ષિકા "સ્વ ઈન્દુમતી નિમાવત" ની તૃતીય વાર્ષિક પુણયતિથિ નિમિતે ગાંધીનગરની સર્વ પ્રથમ હિન્દી વેબ ન્યુઝ ચેનલ તસવીરે ગાંધીનગર તેમજ ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર જિલ્લા શાખા, રોટરી ક્લબ ઓફ કેપિટલ ગાંધીનગર દ્વારા તારીખ ૧૪/૦૫/૨૦૨૩ રવિવારના રોજ "નિશુલ્ક મેડીકલ કેમ્પ" નું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં બાળ રોગ નિષ્ણાત ડૉ સતીષ પરમાર, ઓર્થોપેડિક ડૉ હાર્દિક સિંહ (જલારામ હોસ્પિટલ), દાંતના ડોકટર ડૉ કુશાન ઝીંઝુવાડિયા, ફિઝિયો થેરાપિસ્ટ ડૉ શિવાંની ઝીંઝુવાડિયા, ફિઝીયોથેરાપિસ્ટ ડૉ હાર્દિક તલાટી, તેમજ ડૉ જયરામ ઠક્કર દ્વારા નેચરોપેથી તેમજ યોગા વિષયક સેવાઓ આપવામાં આવી હતી. તેમજ આયુર્વેદિક સર્વરોગ નિદાન અને બોડી ચેકઅપ સાથે ડાયાબિટીસ અને બીપી ચેક કરી આપવામાં આવ્યા હતા. તેમજ ઈંડિયન રેડક્રોસ દ્વારા મહિલાઓ માટે નિશુલ્ક સીબીસી ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે રોટરી ક્લબ ઓફ કેપિટલ ગાંધીનગર દ્વારા નાના બાળકોને સુવર્ણ પ્રાશનના ટીપાં પીવડાવવામાં આવ્યા. આ નિશુલ્ક મેડીકલ કેમ્પમાં બ્રમ્હાકુમારી બીકે કૈલાશદીદી, બીકે રંજનદીદી, બીકે સંદીપભાઈ, ગાંધીનગર ઉત્તર વિધાનસભા ધારાસભ્ય રીટાબેન પટેલ, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, પૂર્વ કોર્પોરેટર હર્ષાબા ધાંધલ, યોગગુરૂ કાનજી બાવરી, માસ્ટર એથલેટિક ગાંધીનગર પ્રમુખ દીનેશસિંહ ચાવડા, ગાંધીનગર રેડક્રોસ જિલ્લા ચેરમેન જીલુભા ધાંધલ, રોટરી કલબ ઓફ કેપિટલ ગાંધીનગર પ્રમુખ પાર્થ ઠક્કર હાજર રહ્યા હતા. આ પ્રસંગે આયોજકો દ્વારા ડોકટર્સ, વસાહતીઓ અને ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટી મંડળનો આભાર વ્યક્ત કર્યો હતો.

ક-રોડ પર દબાણ કામગીરી છતાં ફરી એની એ જ સ્થિતિ

ગાંધીનગર, તા.૧૪

તાજેતરમાં દબાણ ટીમ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ખાણીપીણીના દબાણો હટાવવાની અસરકારક કામગીરી હાથ ધરાઈ હતી. શહેરના "ક" માર્ગ પર ડી-માર્ટ આસપાસ ગેઝિઆ ઈલેક્ટ્રોનિક જીઆઈડીસીના પ્રવેશદ્વારોથી માંડીને રોડની બંને તરફ દબાણોનો રાફડો ફાટ્યો હતો જેમાં ખાણીપીણીની લાઈનો ઉપરાંત કેટલાંક હોર્ડિંગ્સ પણ વળાંકોમાં એવાં લગાડાયેલા છે જ્યાં વાહનચાલકોને ટર્ન લેતી વખતે વિઝનમાં તકલીફ પડે છે અને તેના કારણે અકસ્માત સર્જાવાનો ભય રહે છે. આ માર્ગ પર રોડની નજીક ફુટપાથ પર જ ખાણીપીણીના દબાણો હોવાથી ગ્રાહકો રોડ રોડ પર જ તેમના વાહનો પાર્ક કરતાં હોવાને કારણે પણ અકસ્માતનો ભય સેવાઈ રહ્યો છે. દબાણ કામગીરીના પગલે કેટલાંક દબાણકર્તાઓએ તેમના લારી-ખુમચા જીઆઈડીસીના કંપાઉન્ડમાં મુકી દીધાં હતા અને દબાણ ટીમની કામગીરી પત્યા બાદ બીજા દિવસથી ફરી તેમણે અગાઉની જગ્યાએ અથવા આજુબાજુની નવી જગ્યાએ દબાણો કરી દીધાં છે. આ દબાણોને હટાવવા સાથે આ વિસ્તારના વસાહતીઓ, ગેઝિયાના ઉત્પાદક વર્ગ તેમજ નજીકના વેપારીવર્ગ વગેરેમાં સત્વરે આ માર્ગના દબાણો હટાવાય અને ફરી દબાણ ના કરે તેવી કડક કાર્યવાહી કરાય તેવી લાગણી પ્રવર્તી રહી છે.

માતૃદિવસના ભાગરૂપે સર્જનાત્મક મહેંદી સ્પર્ધા

ગાંધીનગર, તા.૧૫

તાજેતરમાં માતૃદિવસની ઉજવણીના ભાગરૂપે બહેનો - દિકરીઓ માટે સરગાસણ ખાતે મિલાપ ટાટારિઆ ટાઇગર દ્વારા આયોજિત અને યુરોકિડ્સ પ્રી સ્કૂલનાં સહયોગથી "સર્જનાત્મક મહેંદી સ્પર્ધા "નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર અને ઝુંડાલ સહિત દરેક બહેનો-દિકરીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને મહેંદી મુકી કલાનું પ્રદર્શન કર્યું હતું. સ્પર્ધામાં ભાગ લેનાર દરેક બહેનો-દિકરીઓને સર્ટિફિકેટ અને મોમેન્ટોથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ આયોજનનું સંપૂર્ણ સંચાલન મિલાપ ટાટારિઆ ટાઇગર દ્વારા કરવામાં આવ્યું હતું. યુરોકિડ્સ પ્રી સ્કૂલનાં સંચાલિકા ખુશ્બુ શાહે દરેક સ્પર્ધકોને અનેક શુભેચ્છાઓ પાઠવી હતી.

વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયા જીનિયસ એવોર્ડ એનાયત થશે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના સામાજિક કાર્યકર, ડૉ ગુલાબચંદ પટેલની પસંદગી વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયા જીનિયસ ઈંડિયન એચીવર્ષ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે. ડૉ પટેલને ખંભોલજ સાહિત્ય સેવા સંસ્થા આણંદના પ્રમુખ ડૉ શૈલેષ વાણિયા દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં.

ગાંધીનગર સંગીની ફોરમ દ્વારા મધર્સ ડેની ભાવપૂર્વક ઉજવણી

ગાંધીનગર, તા.૧૫

સંગીની ફોરમ ગાંધીનગર દ્વારા મધર્સ ડેના રોજ શ્રી ૧૦૦૮ મહાવીર સ્વામી દિગંબર જૈન મંદિર ખાતે સ્વર સમ્રાજ્ઞી પ. પૂ. આર્યિકારત્ન ૧૦૫ શ્રી પૂર્ણમતી માતાજીના સાનિધ્યમાં મધર્સ ડે નિમિત્તે કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગરના ધારાસભ્ય રીટાબેન પટેલ તથા કોર્પોરેટર હેમાબેન ભટ્ટ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગર શહેરના સમસ્ત જૈન સમાજની બહેનોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી અને બાળકોના સ્વાગત નૃત્ય તથા મંગલાચરણથી થયો હતો. રીટાબેન પટેલે જણાવ્યું હતું કે અનેક પીડાઓ વેઠી માતા પોતાના બાળકને ઉછેરે છે. મા કદી રિટાયર્ડ થતી નથી. દીકરા દીકરીના સંતાનોને પણ ઉછેરી માતૃત્વના પ્રેમનો ગુણાકાર કરી વાત્સલ્ય વહાવતી રહે છે.

પરમ પૂજય પૂર્ણામતી માતાજીએ પોતાના મધુર સ્વરમાં માતા વિશે જણાવ્યું કે માનો કોઈ એક દિવસ હોતો નથી મા સે દિન શુરુ હોતા હૈ. સંગીની ફોરમના પ્રમુખ વીણાબેન વોરાએ માતાનું મહત્વ દર્શાવતા કહ્યું કે માતામાં ધરતીની ક્ષમા, આકાશની વિશાળતા, અગ્નિની હુંફ, જળની શીતળતા અને વાયુની ચંચળતા હોય છે.

કાર્યક્રમમાં સંગીની બહેનો માટે માતૃત્વ વિશે સ્પીચ આપી અને કાર્ડસ બનાવવાની કોમ્પિટિશન હતી અને માતૃત્વની ગેમ રમાડી હતી. જેમાં શ્રીમતી આશાબેન સરવૈયાએ નિર્ણાયક તરીકેની સેવા આપી હતી. આ કાર્યક્રમનું સંચાલન અને આયોજન ઝોન કોર્ડીનેટર મેહુલભાઈ દોશીએ સુંદર રીતે કર્યું હતું. કાર્યક્રમના અંતમાં સેક્રેટરી ક્રિષ્નાબેન કપાસીએ આભાર વિધિ કરી હતી.

યુએસએના રાજદૂત એરિક ગાર્સેટી મુખ્યમંત્રીની સૌજન્ય મુલાકાતે

ગાંધીનગર, તા.૧૫

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત યુએસએના ભારત સ્થિત રાજદૂત શ્રીયુત એરિક ગાર્સેટી એ ગાંધીનગરમાં લીધી હતી. તેમણે માર્ચ-૨૦૨૩માં યુએસએના ભારત સ્થિત રાજદૂત તરીકેનો પદભાર સંભાળ્યા બાદ પ્રથમવાર ગુજરાતની મુલાકાત લીધી છે. ગુજરાતની તેમની આ મુલાકાત દરમ્યાન મળેલા ઉષ્માસભર આવકાર અંગે પ્રસન્નતા વ્યકત કરતાં રાજદૂત એરિક ગાર્સેટીએ યુ.એસ અને ભારત વેપાર-વણજના દ્વિપક્ષીય સંબંધો, મહિલાઓના આર્થિક સશક્તિકરણ અને નેટ ઝીરો કાર્બન ઈકોનોમીના ક્ષેત્રોમાં સાથે મળીને ઘણું સારૂં કામ કરી શકે તેમ છે તેવી અપેક્ષા દર્શાવી હતી. યુએસના રાજદૂતશ્રીએ ભારત અને ગુજરાત સાથે યુ-૨૦, ઓલિમ્પીકસ ગેઈમ્સ અને આગામી વાયબ્રન્ટ સમિટમાં સહયોગની ઉત્સુકતા દર્શાવી હતી. તેમણે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલને લોસ એન્જેલસની મુલાકાત લેવા પણ ભાવભર્યુ નિમંત્રણ પાઠવ્યું હતું. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ સૌજન્ય મુલાકાત બેઠકમાં વાતચીત દરમ્યાન જણાવ્યું કે ગુજરાત બેસ્ટ ડેસ્ટીનેશન ફોર ઈન્વેસ્ટમેન્ટ તરીકે ખ્યાતિ પામ્યું છે. યુએસ અને ગુજરાત વચ્ચે લાંબાગાળાના સંબંધો નિયમીત સંવાદ અને ઉચ્ચસ્તરીય જોડાણોની ગતિથી વધુ વિસ્તર્યા છે તેમ પણ શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ સૌને સાથે રાખીને વિકાસ માર્ગે ચાલવાની 'વસુધૈવ કુટુંબકમ'ની વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ભાવના આ સૌજન્ય મુલાકાત બેઠકથી સાકાર થશે તેવી અપેક્ષા વ્યકત કરી હતી.

ગાંધીનગર જિલ્લાની અન્ડર-૧૬ ટીમ ખેડાને ૧૦ વિકેટે હરાવી ફાઈનલમાં

ગાંધીનગરના કરમ પટેલ અડધી સદી અને ૩ વિકેટ સાથે ઓલરાઉન્ડ પ્રદર્શન : નક્ષત્ર પટેલ અને યશ પંજવાણીએ મેચમાં કુલ ૭-૭ વિકેટ ખેરવી : વેદ પટેલના પણ ૬૩ રન

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત ક્રિકેટ એસોસિયેશન દ્વારા આયોજીત રિલાયન્સ ઈન્ટર ડિસ્ટ્રિક્ટ મલ્ટિ-ડે ૨૦૨૩ ટૂર્નામેન્ટમાં ગાંધીનગર જિલ્લા ક્રિકેટ એસોસિએશનની અન્ડર-૧૬ની ટીમે ખેડા જિલ્લાની ટીમને ૧૦ વિકેટે હરાવીને ફાઈનલમાં ધમાકેદાર પ્રવેશ કર્યો છે. અમદાવાદના એનએમએસ ગ્રાઉન્ડ પર રમાયેલી મેચમાં જીડીસીએની અન્ડર-૧૯ની ટીમે ખેડાની ટીમને કારમી હાર આપી હતી. અન્ડર-૧૬ વતી રમતા કરમ પટેલે ૩૬ બોલમાં પાંચ છગ્ગા સાથે ૫૦ રન ફટકાર્યા હતા અને માત્ર ૨૩ રન આપી ખેડાની વિકેટ ઝડપવા સાથે ઓલરાઉન્ડ પ્રદર્શન કર્યુ હતું જ્યારે વેદ પટેલે પણ ૬૩ રનની મહત્વપૂર્ણ ઈનિંગ રમી હતી. નક્ષત્ર પટેલે અને યશ પંજવાણીએ મેચમાં ૭-૭ વિકેટ ઝડપી હતી.

ખેડાની ટીમે ટોસ જીતીને ફિલ્ડિંગ પસંદ કરતાં ગાંધીનગરની ટીમે પહેલા દાવમાં વેદ પટેલના ૬૩, યશ પંઝવાણીના ૪૫ અને કરમ પટેલની ઝંઝાવાતી ૫૦ રનની ઈનિંગ સાથે ૨૮૫ રન ખડક્યાં હતા. જવાબમાં ઈનિંગમાં નક્ષત્ર પટેલની ૨૯ રનમાં ૪ અને કરમ પટેલની ૨૩ રનમાં ૩ ઉપરાંત યશ પંજવાણીની ૩ વિકેટ સામે ખેડાની ટીમ પ્રથમ દાવમાં માત્ર ૧૩૧ રનમાં સમેટાઈ જતાં તેને ફોલોઓન થવાની ફરજ પડી હતી. બીજા દાવમાં પણ નક્ષત્ર પટેલની ૩ અને યશ પંજવાણીની ૪ વિકેટ સામે ખેડાની ટીમ ૧૬૧ રન જ બનાવી શકી અને ગાંધીનગર ટીમે મેચ જીતવા જરૂરી ૭ રનના જવાબમાં વિના વિકેટે ૧૧ રન ફટકારી મેચ જીતવા સાથે ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. હવે આ કેટેગરીની ફાઈનલ મેચ આગામી તા.૧૮થી ૨૦ મે દરમ્યાન યોજાશે.